અપીલ અરજી નં.૧૧૬ તા.૯–૬–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રડેશન સેલ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૫–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) ડિંડોલી હળપતિ વાસમાં બિલ્ડર ધ્વારા ઝૂપડા વેચાતા લઈ તોડી નાંખવા બાબતની તપાસ અહેવાલ ની નકલ મુદ્દા નં.(૨) તકેદારી અધિકારી ધ્વારા સ્થળ તપાસ કરી હળપતિ લોકોના જમીન દોસ્ત કરાયેલા લોકો હાલ કયાં રહે છે જો માહિતિ હોય તો આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ** :– અરજદાર મજકુરની અપીલ તા.૯–૬–૧૧ ની **SMC/FAP/** નં.૧૧૬/૨૦૧૧–૧૨

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૫–૪–૧૧ ની અરજીથી મુદ્દા નં.(૧) ડિંડોલી હળપતિ વાસમાં બિલ્ડર ધ્વારા ઝૂંપડા વેચાતા લઈ તોડી નાંખવા બાબતની તપાસ અહેવાલ ની નકલ મુદ્દા નં.(૨) તકેદારી અધિકારી ધ્વારા સ્થળ તપાસ કરી હળપતિ લોકોના જમીન દોસ્ત કરાયેલા લોકો હાલ કયાં રહે છે જો માહિતિ હોય તો આપશો. વિ. મુદ્દા નં.૧ થી ૫ ની માહિતિ આપવા બાબતે સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી લીંબાયતઝોનના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૯૪ તા.૩૦–૫–૧૧ તથા ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રેડેશન) ના પત્ર નં.એસયુસી/આઉટ/ ૨૭૦ તા.૧૯–૫–૧૧ થી આપેલ માહિતિમાં મુદ્દા નં.૧,૨,૪,૫ ની માહિતિ અસ્પષ્ટ અને ખોટી અને અધૂરી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૬–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૩૭૦ તા.૧૬–૬–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રડેશન સેલ) તથા અરજદારને અપીલ અરજીમાં મળેલ માહિતિ અસ્પષ્ટ, ખોટી અને અધૂરી બાબતે મુદ્દા વાઈઝ સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૫૧૪ તા.૨૪–૬–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, કલેકટરશ્રી તરફથી પત્ર નં.પીઆરઓ/આરટીઆઈ/આઈ ડી નં.૩૭૧/૧૧ તા.૨૭–૪–૧૧ થી ડે.કમિ. સુરત મહાનગપાલિકાને તબદીલ કરેલ પત્રની નકલ, સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૨૭૦ તા.૧૯–૫–૧૧ થી મુદ્દા નં.૧અને ૨ માટે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારને માહિતી અંગે નાણા ભરવા માટે પાઠવેલ પત્ર નં.એસયુસી/આ.નં.૨૭૦ તા.૧૯–૫–૧૧ ના પત્રની નકલ,અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.એસયુસી/આ.નં.૩૨૨ તા.૨૭–૫–૧૧ ના પત્રની નકલ, સુમપાની ઝુંપડપટ્ટી પૈકી સ્થળાંતર કરવા પાત્ર ઝુંપડપટ્ટીઓને ઝુંપડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા અંગે ફાળવવા જોગ આવાસની ફાળવણી બાબતની દરખાસ્તની નકલ, સ્થા.સ.ઠ. નં.૧૮૩૮/૨૦૦૭ તા.૨૮–૧૨–૦૭ ના ઠરાવની નકલ, સુમપાની જેએનયુબીએસબીપી અંતર્ગત સુરત શહેરમાં તૈયાર થયેલ આવાસોની વિગત તથા ફાળવણીની શરતોની નકલ તથા એનક્ષર–૩ ફાળવણી અંગેની લાયકાતની નકલ, સ્થા. સ.ઠ. નં.૮૧૪/૦૯ તા.૨–૭–૦૯ ના પત્રની નકલ અત્રે મળેલ છે.જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન તરફથી પત્ર નં. સા.ઈ. ઝોન મહેકમ/ આઉટ નં./૧૨૪૯ તા. ૧૬–૭–૧૧થી પુરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ કલેકટરશ્રી તરફથી પત્રનં. પીઆ.ઓ/ આરટીઆઈ/ આઈડી નં. ૩૭૧/૧૧ તા.૨૭–૪–૧૧થી ડે.કમિ.સુરત મહાનગરપાલિકા અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કર્યા અંગેની નકલ , સ્લમ અપગ્રેડેશન તરફથી પત્ર નં. એસયુસી/ આ.નં. ૨૭૦ તા. ૧૯–૫–૧૧થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ ,સાઉથ ઝોન ઉધનામાં બાયોમેટ્રિક સર્વે થયેલ ઝુંપડપટ્ટીની વિગતની યાદી, નોંધ વિભાગ,લીંબાયત ઝોન તરફથી અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં. ૯૯૪ તા. ૩૦–૫–૧૧ના પત્રની નકલ સ્લમ અપગ્રેડેશન તરફથી મુદ્દા નં. ૪ અને ૫ અંગેની માહિતી અંગે નાણાં ભરવા પાઠવેલ પત્ર નં. એસયુસી/આ.નં. ૨૭૦ તા. ૧૯–૫–૧૧ના પત્રની નકલ અરજદારને સદર પત્ર સંદર્ભે આપેલ માહિતી અંગે પત્ર નં. એસયુસી/ આ. નં. ૩૨૨ તા. ૨૭–૫–૧૧ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૩–૬–૧૧ ની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૫–૪–૧૧ ની અરજીથી ડીંડોલી હળપતિવાસના ઝુંપડાઓ બાબતે મુદ્દા નં.૧ થી ૫ની માહિતી માંગતી અરજી કલેકટરશ્રી સુરતને કરવામાં આવેલ. જે કલેકટરશ્રી તરફથી નં.પીઆરઓ/આરટીઆઈ/આઈ ડી નં.૩૭૧/૧૧, તા.૨૭–૪–૧૧ થી ડે.કમિ. સુરત મહાનગપાલિકાને તબદીલ કરવામાં આવેલ. જે સુરત મહાનગપાલિકાના સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૨૭૦ તા.૧૯–૫–૧૧ થી મુદ્દા નં.૧ અને ૨ અંગે લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૯૪ તા.૩૦–૫–૧૧ થી મુદ્દા નં.૧ થી ૫ ની વિગતો જણાવવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રડેશન સેલ તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૨૭૦ તા.૧૯–૫–૧૧ થી મુદ્દા નં. ૪ અને ૫ની માહિતી અંગે નાણા ભરપાઈ કરવા માટે પત્ર પાઠવવામાં આવેલ. જયારે પત્ર નં.એસયુસી /આ.નં.૩૨૨ તા.૨૭–૫–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારના અરજીના મુદ્દા નં. .(૧) ડિંડોલી હળપતિ વાસમાં બિલ્ડર ધ્વારા ઝૂંપડા વેચાતા લઈ તોડી નાંખવા બાબતની તપાસ અહેવાલની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ડીંડોલી હળપતિવાસમાં બિલ્ડર ધ્વારા ઝુપડા વેચાતા લઈ તોડી નાંખવા બાબતે લીંબાયતઝોનની કચેરીએ કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૨) તકેદારી અધિકારી ધ્વારા સ્થળ તપાસ

કરી હળપતિ લોકોના જમીન દોસ્ત કરાયેલા લોકો હાલ કયાં રહે છે જો માહિતિ હોય તો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી તકેદારી અધિકારી ધ્વારા સ્થળ તપાસ કરી હળપતિ લોકોના જમીનદોસી કરાયેલા મકાન માલીકો બાબતનો કોઈ રેકર્ડ લીંબાયતઝોન ખાતે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. (૩) હળપતિ લોકોના તોડી નાંખવામાં આવેલા મકાનોની ખુલ્લી જગ્યામાંથી અમુક જગ્યાએ ઘણા સમયથી દારૂ દેશી વિદેશી તથા જુગાર ના અડ્ડા મોટા પાયે ચાલે છે તે હકીકતથી સરકારી તંત્ર વાકેફ છે કે કેમ? વન બંધુ કલ્યાણ યોજના ધ્વારા છેલ્લા બે વર્ષમાં જે ખર્ચ થયો હોય તેની વાઉચર બીલ સાથેની રેકર્ડ ચકાસણી (સુરત જિલ્લા તાપી જિલ્લાની) તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૩ માં જણાવેલ મુજબની કોઈ માહિતીનો રેકર્ડ લીંબાયતઝોન ખાતે ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૪ આ સાથે જોડેલા બાયોમેટ્રીક સર્વે મુજબ (એસએમસી ધ્વારા) સરકારી તથા ખાનગી જગ્યા ધરાવતાં ઝુંપડાઓને સુરત મહાનગપાલિકા હટાવવા માટે તથા તેઓના ઝુંપડા માલીકો, ઝુપંડામાં રહેતા ભાડુતોને વૈકલ્પિક જગ્યા પ્લોટ અથવા ઈડબલ્યુએસ ના આવાસ માટેના નિયમો કયા છે? ખાનગી સરકારી જગ્યાના ઝુંપડા એસએમસી હટાવી શકે ખરા? તેઓને આવાસો આપી શકાય ખરા? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ખાતાને લાગુ પડતું નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી સુમપા વિસ્તારની ઝુંપડપટ્ટીઓ પૈકી સ્થળાંતર કરવા પાત્ર ઝુંપડપટ્ટીના ઝુપંડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા પેટે ફાળવવા જોગ JNNURM-BSUP અંતર્ગત EWS આવાસની ફાળવણીની ગાઈડ લાઈન સ્થા.સ.ઠ. નં.૧૮૩૮/ ૨૦૦૭ તા.૨૮-૧૨-૦૭ તથા સ્થા.સ.ઠ. નં.૮૧૪/૨૦૦૯ તા.૨-૭-૦૯ થી મંજુર થયેલ છ જેના કુલ ૧૭ પાના થવા જાય છે. પાના દીઠ રૂા.૨/- ગણી લેખે કુલ રૂા.૩૪/- સુમપાના કોઈ પણ નાગરીક સુવિધા કેન્દ્રમાં રજૂ કર્યાની રસીદ રજૂ કર્યેથી આપી શકાશે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે રસીદ નં.૩૫૦૮૮૫ તા.૨૦-૫-૧૧ ના રોજ ભરપાઈ કરેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એસયુસી/આ.નં.૩૨૨ તા.૨૭-૫-૧૧ થી અરજદારને માહિતી મોકલવામાં આવેલ. મુદ્દા નં. (૫) હળપતિ અને અન્ય આદિવાસીઓના ઝુપંડાને એસએમસી હટાવી શકે ખરી? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી ખાતાને લાગુ પડતું નથી તેવું જણાવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી સ્લમ અપગ્રેડેશન સેલ તરફથી સદર માહિતીનો સમાવેશ મુદ્દા નં.૪ માં થાય છે તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે મુદ્દા નં.૧,૨,૪ અને ૫ ની માહિતી અસ્પષ્ટ, ખોટી અને અધૂરી હોવાનું જણાવી તા.૯-૬-૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારની અપીલ તબકકે મુદ્દા વાઈઝ વિગત આપવા જણાવેલ. જે અંગે અરજદારે તેમના તા.૨૩-૬-૧૧ ના પત્રથી પૂરક વિગતોમાં મુદ્દા નં. ૧ ની માહિતી કલેકટર તકેદારી વિભાગ તકેદારી અધિકારી ધ્વારા તપાસ થઈ છે તેમને મહેસુલ વિભાગને તપાસ કરવા જણાવેલ હતું તેથી આ મુદ્દો આદિજાતિ કલ્યાણના અધિકારીને સ્પર્શતો છે તેથી કલેકટરશ્રીને અરજી કરેલ છે. લીંબાયતઝોન ધ્વારા તા.૩૦-૫-૧૧ ના પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૯૯૪૬ થી માહિતી આપેલ છે તેમાં મુદ્દા નં.૧,૨ અને ૩ રેકર્ડ ઉપર ઉપલબ્ધ ન હોવાનું જણાવેલ છે પરંતે તેમના આકારણી દફતરે વેરાબીલ આદિવાસીના ઝુંપડા રદ કર્યા કે ખુલ્લી જગ્યા જે બિલ્ડરે તોડી પાડી છે તેનું વેરાબીલ છે કે કેમ તે સ્પષ્ટતા માહિતી અધિકારીએ આપી નથી અને માહિતી આપવા બેદરકારી રાખી છે. જે બાબતે અરજદારે સદર અપીલ પૂરક મુદ્દામાં પણ સદર વિગત આદિજાતિ કલ્યાણ વિભાગ ને સ્પર્શતી છે. તેવું જણાવેલ છે. વધુમાં મુળ અરજીમાં અરજદારે સદર માહિતી માંગેલ ન હતી તેથી તેવા મુદ્દા માટે અપીલનું કારણ બને નહીં. વધુમાં અરજદારે સદરહુ માહિતી મુળ અરજીથી અલાયદી અને અપીલના પૂરક વિગતોમાં ઉપસ્થિત કરેલ છે. જયારે મુદ્દા નં.૪ માં જે માહિતી આપેલ છે તેમાં પ્રશ્ન હતો ખાનગી સરકારી ઝુપંડાનો તથા મુદ્દા નં.૫ માં હળપતિ આદિવાસી ઝુંપડાને સુમપા હટાવી શકે ખરી? જેમાં જાહેર માહિતી અધિકારીએ એનેક્ષર-૨ અને ૩ ફાળવણીની શરતો અને ઠરાવો મોકલેલ છે પરંતુ મારા પ્રશ્નનો જવાબ મળેલ નથી. તેથી ઘણા પ્રશ્ન ઉદ્દભવે અને સ્પષ્ટ જવાબની રજૂઆત કરેલ છે. જે અંગે અરજદારને જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતીમાં કેવા ઝુંપડાઓ અને કઈ રીતે હટાવવાની જે નીતિ નકકી કરવામાં આવેલ છે તેની વિગતોની દરખાસ્ત અને ઠરાવ અને કાર્યવાહીને લગતી વિગતો જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ છે. આથી તેવા પ્રશ્નનો સમાવેશ પણ તેમાં થયેલ જણાય છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ કાયદાની કલમ-૨(એફ) અને (જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. અત્રે એ પણ સૂચક છે કે અરજદારે મુદ્દા નં. ૧ થી ૩ અંગે કોઈ સમર્થન આધાર અપીલ તબકકે રજૂ કરેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫-૪-૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર અપીલ તબકકે પૂરક વિગતોમાં જણાવેલ મુળ અરજીથી અલાયદા ઉપસ્થિત કરેલ પૂરક પ્રશ્ન અંગે કાયદાના નિયમ અને જોગવાઈ અનુસાર અરજદાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : -૭-૧૧

પ્રતિ,

(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (સ્લમ અપગ્રડેશન સેલ),...જાણ તથા અમલ માટે.

(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી,